


RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT
# ગરવી ગુજરાત
ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 17
Issue : 324
Dt.: 03-08-2025,
Sunday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.
Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


### ટ્રમ્પના ડેડ ઈકોનોમી વાળા નિવેદન બાદ બોલ્યા મોદી

# દુનિયાનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનશે ભારત

### હવે સમય આવી ગયો છે કે તમામ ભારતીય નાગરિકોએ દરેક ખરીદીમાં દેશના હિતને પ્રાથમિકતા આપવી જોઈએ : મોદી

(સંપૂર્ણ સમાચાર સેવા)વારાણસી

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતના અર્થતંત્રને મૃત ગણાવ્યું હતું. હવે ટ્રમ્પને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જોરદાર જવાબ આપ્યો છે. વારાણસીમાં જાહેર સભાને સંબોધતા તેમણે કહ્યું કે, ભારત હવે દુનિયાનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનવાના માર્ગે છે. હવે સમય આવી ગયો છે કે તમામ ભારતીય નાગરિકોએ દરેક ખરીદીમાં દેશના હિતને પ્રાથમિકતા આપવી જોઈએ.

ભારતીય નાગરિકોને અપીલ કરતા પ્રધાનમંત્રીએ સ્પષ્ટપણે કહ્યું કે, હવે ભારત પણ દરેક વસ્તુની પરખવા માટે ફક્ત એક જ વસ્તુનો ઉપયોગ કરશે. તે છે, ભારતીય પરસેવાથી બનેલી વસ્તુઓ. હવે સમય આવી ગયો છે કે દેશના દરેક નાગરિક, દરેક દુકાનદાર અને દરેક ગ્રાહકે આ મંત્ર અપનાવવો જોઈએ કે આપણે ફક્ત તે જ ખરીદીશું જે ભારતમાં બનેલું છે, જે ભારતીય હાથ દ્વારા બનાવવામાં આવ્યું છે અને જેમાં આપણા દેશનો પરસેવો છે. વૈશ્વિક અસ્થિરતાના યુગમાં, ભારતને ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનાવવાની જવાબદારી ફક્ત સરકારની જ નહીં પરંતુ દરેક ભારતીયની છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, આજે દુનિયાનું અર્થતંત્ર અનેક ચિંતાઓમાંથી પસાર થઈ રહ્યું છે. અસ્થિરતાનું વાતાવરણ છે. આવી સ્થિતિમાં વિશ્વના દેશો પોતાના હિત પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. ભારત પણ દુનિયાનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનવા જઈ રહ્યું છે. તેથી, ભારતે પણ તેના આર્થિક હિતો પ્રત્યે સતર્ક રહેવું પડશે. ભારતે ખેડૂતો, નાના ઉદ્યોગો, યુવાનો અને રોજગાર જેવા મુદ્દાઓને પણ પ્રાથમિકતા આપવી પડશે. દરેક નાગરિકની જવાબદારી ગણાવાત વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, સરકાર આ દિશામાં દરેક પ્રયાસ કરી રહી છે. પરંતુ દેશના નાગરિક તરીકે, આપણી પણ કેટલીક જવાબદારીઓ છે. ફક્ત મોદી જ નહીં, ભારતના દરેક વ્યક્તિએ દરેક ક્ષણે આ કહેતા રહેવું જોઈએ - બીજાને કહેતા રહેવું જોઈએ. જે લોકો દેશનું ભલું ઈચ્છે છે, જે લોકો દેશને ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનાવવા માંગે છે, તેમણે પોતાનો ખચકાટ છોડીને દેશના હિતમાં દરેક ક્ષણે દેશવાસીઓમાં એક ભાવના જાગૃત કરવી પડશે - તે જ સંકલ્પ છે, આપણે સ્વદેશી અપનાવવી જોઈએ.

આ દરમિયાન પીએમ મોદીએ સ્પષ્ટ કર્યું કે વોકલ ફોર લોકલ અને મેક ઈન ઈન્ડિયા ને હવે ફક્ત સૂત્રો નહીં પણ વ્યવહારિક જીવનનો ભાગ બનાવવો પડશે.



### ઉપરાષ્ટ્રપતિ ચૂંટણી પહેલા ભાજપ માટે સારા સમાચાર

# રાજ્યસભામાં ૧૦૦ પાર પહોંચી સાંસદોની સંખ્યા

### રાજ્યસભામાં નોમિનેટ ત્રણ સભ્યો ઉજ્જવલ નિકમ, હર્ષવર્ધન શ્રૃંગલા અને સી સદાનંદને ભાજપનું સભ્યપદ લઈ લીધું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી પહેલા રાજ્યસભામાં ભાજપને મોટી સફળતા મળી છે. સંસદના ઉપલા ગૃહમાં ભાજપના સાંસદોની સંખ્યા ૧૦૦ને પાર પહોંચી છે. એટલે કે ભાજપે સદી ફટકારી છે. તેવામાં એપ્રિલ ૨૦૨૨ બાદ પ્રથમવાર ભાજપના સાંસદોની સંખ્યા ૧૦૨ પર પહોંચી ગઈ છે. તાજેતરમાં રાજ્યસભામાં નોમિનેટ ત્રણ સભ્યો ઉજ્જવલ નિકમ, હર્ષવર્ધન શ્રૃંગલા અને સી સદાનંદને ભાજપનું સભ્યપદ લઈ લીધું છે, જેથી પાર્ટીને આ સફળતા મળી છે.

હકીકતમાં વર્તમાનમાં રાજ્યસભામાં કુલ ૨૪૦ સભ્ય છે, જેમાંથી ૧૨ સભ્યો નોમિનેટ છે અને ૫ સીટ ખાલી છે. માર્ચ ૨૦૨૨મા જ્યારે ૧૩ સીટો પર ચૂંટણી થઈ હતી ત્યારે ભાજપની સંખ્યા ૯૭થી વધી ૧૦૧ થઈ હતી. તે સમયે કોંગ્રેસ બાદ ભાજપ બીજી પાર્ટી બની હતી જેની સંખ્યા રાજ્યસભામાં ૧૦૦ પાર પહોંચી હતી. બાદમાં તે ઘટીને ૯૯ રહી ગઈ પરંતુ ફરી નોમિનેટ સભ્યો દ્વારા ભાજપ ૧૦૨ પર પહોંચી છે.

રાજ્યસભામાં એનડીએની મજબૂતીમાં પણ વધારો થયો છે. હવે એનડીએ પાસે રાજ્યસભામાં કુલ ૧૩૪ સાંસદ છે. તેમાં ૧૨ નોમિનેટ સભ્યોમાંથી ૫ ભાજપની સાથે છે. રાજ્યસભામાં બહુમત માટે ૧૨૧ સાંસદોની જરૂર હોય છે, એટલે કે એનડીએ પાસે સ્પષ્ટ બહુમત છે. આ સ્થિતિ ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં ભાજપ માટે અનુકૂળ છે.

જે ત્રણ નોમિનેટ સભ્ય ભાજપમાં સામેલ થયા છે તેમાં સૌથી ચર્ચિત નામ ઉજ્જવલ નિકમનું છે, જે ૨૬/૧૧ મુંબઈ હુમલામાં વિશેષ સરકારી વકીલ રહી ચૂક્યા છે. હર્ષવર્ધન શ્રૃંગલા ભારતના ભૂતપૂર્વ વિદેશ સચિવ અને G20 સંયોજક રહી ચૂક્યા છે. ત્રીજા સભ્ય સી સદાનંદન કેરળના એક સામાજિક કાર્યકર છે. બીજી તરફ, નામાંકિત સભ્ય મીના કુમારી જૈન પણ સમાચારમાં છે, જોકે તેમણે કોઈ પક્ષનું સભ્યપદ લીધું નથી.

ઉપરાષ્ટ્રપતિ પદ માટે ચૂંટણી ૯ સપ્ટેમ્બરે યોજાશે. ચૂંટણી પંચ ૭ ઓગસ્ટે તેનું જાહેરનામું બહાર પાડશે. નામાંકન માટેની છેલ્લી તારીખ ૨૧ ઓગસ્ટ નક્કી કરવામાં આવી છે. મતદાનના કિસ્સામાં, સંસદ ભવનમાં ૯ સપ્ટેમ્બરે મતદાન થશે અને પરિણામો પણ તે જ દિવસે જાહેર કરવામાં આવશે.

### રેલવેના મુસાફરોને મોજેમોજ!

# ટ્રેનના ભાડામાં મળી શકે છે છૂટ, રેલવે કરી રહી છે મોટી તૈયારી

### આ નિર્ણય લાખો મુસાફરો માટે રાહતથી ઓછો નહીં હોય જેઓ મુસાફરી ખર્ચમાં ભારે ઘટાડાની આશા રાખી રહ્યા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ફરી એકવાર ભારતીય રેલવે તરફથી મુસાફરો માટે રાહતના સમાચાર આવી રહ્યા છે. ખાસ કરીને વરિષ્ઠ નાગરિકો માટે એવી આશા છે કે ટ્રેન ટિકિટ પર ભાડામાં છૂટ ટૂંક સમયમાં ફરી મળશે. કોરોના મહામારી દરમિયાન બંધ કરાયેલી આ સુવિધા હવે ફરીથી શરૂ થઈ શકે છે, જેનાથી લાખો વૃદ્ધ મુસાફરોને મોટી રાહત મળશે.

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે રેલવેની સ્થાયી સમિતિએ વરિષ્ઠ નાગરિકો માટે ભાડામાં છૂટની ફરીથી સમીક્ષા કરવાની અને ઓછામાં ઓછી સ્લીપર અને થર્ડ એસી (3AC) ક્લાસમાં છૂટ પુનઃસ્થાપિત કરવાની ભલામણ કરી છે. નોંધનીય છે કે કોરોના મહામારી દરમિયાન રેલવેએ તમામ પ્રકારની ભાડામાં છૂટ બંધ કરી દીધી હતી. હવે ઘણા સાંસદોએ સંસદમાં આ મુદ્દો ઉઠાવ્યો છે અને સરકારને વૃદ્ધોને ફરીથી રાહત આપવાની માંગ કરી છે.

જોકે સરકાર દ્વારા હજુ સુધી કોઈ ચોક્કસ તારીખ નક્કી કરવામાં આવી નથી, પરંતુ સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ભલામણ પર નીતિ નિર્માણ સ્તરે ટૂંક સમયમાં વિચારણા શરૂ થઈ શકે છે અને જો બધું બરાબર રહ્યું, તો ટૂંક સમયમાં વરિષ્ઠ નાગરિકોને ફરી એકવાર છૂટનો લાભ મળી શકે છે. રેલવે મંત્રીએ કહ્યું કે રેલવે પહેલાથી જ બધા મુસાફરોને સરેરાશ ૪૫ ટકા સબસિડી આપી રહી છે. એટલે કે, જો મુસાફરીનો ખર્ચ રૂપિયા ૧૦૦ હોય, તો મુસાફરો પાસેથી ફક્ત રૂપિયા ૫૫ લેવામાં આવે છે. વર્ષ ૨૦૨૩-૨૪માં, રેલવેએ મુસાફરોને ટિકિટ પર રૂપિયા ૬૦,૪૬૬ કરોડની સબસિડી આપી છે.જોકે હાલમાં વરિષ્ઠ નાગરિકોને કોઈ ડિસ્કાઉન્ટ મળી રહ્યું નથી, તેમ છતાં રેલવે હજુ પણ ૪ કેટેગરીના દિવ્યાંગ મુસાફરો, ૧૧ કેટેગરીના દર્દીઓ અને ૮ કેટેગરીના વિદ્યાર્થીઓને છૂટ આપી રહ્યું છે.

### આતંકી અને સુરક્ષાકર્મી વચ્ચે અથડામણ

# કશ્મીરના કુલગામમાં શુક્રવાર મોડી રાતથી ઓપરેશન જારી

### સેનાએ આ એન્કાઉન્ટરમાં ત્રણ આતંકવાદીને ઠાર માર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)કુલગામ

શુક્રવારે મોડી રાતથી કાશ્મીરના કુલગામમાં ભારતીય સેના અને આતંકવાદીઓ વચ્ચે એક્રાઉન્ટર ચાલી રહ્યું છે. ચાલુ એન્કાઉન્ટરમાં સેનાએ ત્રણ આતંકવાદીને ઠાર માર્યા છે. મળતી માહિતી મુજબ, જમ્મુ-કાશ્મીરના કુલગામ જિલ્લાના અખાલ વિસ્તારમાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે એન્કાઉન્ટર ચાલી રહ્યું છે. SOG, જમ્મુ-કાશ્મીર પોલીસ, સેના અને CRPF આ ઓપરેશન ચલાવી રહ્યા છે. શુક્રવારે કુલગામમાં ગોળીબારનો અવાજ ગુંજ્યો જ્યારે આતંકવાદીઓએ સુરક્ષા દળો પર ગોળીબાર કર્યો જેથી તેઓ બચી શકે. સૈનિકોએ પણ વળતો જવાબ આપ્યો અને ત્યારબાદ એક્રાઉન્ટર શરૂ થયું જે હજુ પણ ચાલુ છે. એક આતંકવાદી ઠાર થયો છે પરંતુ તેનો મૃતદેહ હજુ મળી આવ્યો નથી. સવારે લગભગ ૪ વાગ્યે લગભગ ૨૦ મિનિટ સુધી ભારે ગોળીબાર થયો. ગોળીબાર બંધ થયો, પરંતુ સુરક્ષા દળોએ ભારે તૈનાતી સાથે સર્ચ ઓપરેશન ચાલુ રાખ્યું, જે અંધારાને કારણે બંધ કરવામાં આવ્યું. એવું માનવામાં આવે છે કે ૨-૩ ફૂટ સેના ઘેરાની અંદર છે. અગાઉ, અનંતનાગમાં આતંકવાદીઓના ત્રણ સાથીઓને હથિયારોના ભંડાર સાથે પકડવામાં આવ્યા હતા અને પુલવામામાં મોટા આતંકવાદી હુમલાના કાવતરાને નિષ્ફળ બનાવવાનો દાવો કરવામાં આવ્યો છે. શુક્રવારે સાંજે મળેલી ગુપ્ત માહિતીના આધારે સુરક્ષા દળોએ કુલગામ જિલ્લાના અખાલ, દેવસર વિસ્તારમાં સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. એવું કહેવાય છે કે આ વિસ્તારમાં ત્રણથી ચાર આતંકવાદીઓ જોવા મળ્યા હતા. સુરક્ષા દળોએ વિસ્તારને ઘેરી લીધો હતો અને સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું અને જેમ જેમ તેઓ ગામની સીમમાં જંગલ તરફ આગળ વધવા લાગ્યા, તેમ તેમ એક જગ્યાએ છુપાયેલા આતંકવાદીઓએ તેમના પર ગોળીબાર શરૂ કર્યો. સૈનિકોએ પોતાનો બચાવ કરવા માટે વળતો જવાબ આપ્યો અને બંને બાજુથી ગોળીબાર શરૂ થયો

### રાહુલનો ફરી એકવાર ચૂંટણી પંચ પર શાબ્દિક હુમલો

# મને ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં પણ શંકા હતી

### એક પક્ષના જંગી વિજયનો ટ્રેન્ડ શંકા પેદા કરે છેઃ રાહુલ ગાંધી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

રાહુલ ગાંધીએ ફરી એકવાર ચૂંટણી પંચ પર જોરદાર શાબ્દિક હુમલો કર્યો છે. રાજધાની દિલ્હીમાં કોંગ્રેસ પાર્ટીના એન્યુઅલ લીગલ કોન્ક્લેવને સંબોધતા તેમણે કહ્યું કે, દેશમાં ચૂંટણી પંચ હવે અસ્તિત્વમાં નથી.

તેમણે કહ્યું કે, હું તાજેતરની ચૂંટણી પ્રણાલી વિશે વાત કરી રહ્યો છું. મને હંમેશા શંકા હતી કે, ૨૦૧૪ થી તેમાં કંઈક ખોટું છે. મને ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં પણ શંકા હતી. એક પક્ષના જંગી વિજયનો ટ્રેન્ડ શંકા પેદા કરે છે.

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે, મારા માટે આશ્ચર્યજનક હતું કે, કોંગ્રેસ પાર્ટીને રાજસ્થાન, મધ્યપ્રદેશ, ગુજરાતમાં (લોકસભા ચૂંટણીમાં) એક પણ બેઠક મળી નથી. અમે જ્યારે પણ વાત કરતા ત્યારે લોકો કહેતા કે, પુરાવા ક્યાં છે? પછી, મહારાષ્ટ્રમાં કંઈક એવું બન્યું. અમે લોકસભા ચૂંટણી જીતી ગયા અને પછી ચાર મહિના પછી, અમે માત્ર હાર્યા જ નહીં, પરંતુ સંપૂર્ણપણે નાશ પામ્યું હતું. ત્રણ મજબૂત પક્ષો અચાનક ગાયબ થઈ ગયા. રાહુલ ગાંધીએ કહ્યું કે, અમે ચૂંટણીમાં ગેરરીતિઓની ગંભીરતાથી તપાસ શરૂ કરી છે. અમને જાણવા મળ્યું કે, મહારાષ્ટ્રમાં લોકસભા અને વિધાનસભા ચૂંટણી વચ્ચે એક કરોડ નવા મતદારો બહાર આવ્યા હતા. આમાંથી મોટાભાગના મત ભાજપને જાય છે... હવે હું કોઈ શંકા વિના કહું છું કે, અમારી પાસે પુરાવા છે. અમારી પાસે પુરાવા છે, જે દર્શાવે છે કે, દેશમાં કોઈ ચૂંટણી પંચ નથી.

કોંગ્રેસ નેતાએ કહ્યું કે, ચૂંટણી પંચ મતદાર યાદીની ડિજિટલ નકલો પ્રદાન કરતું નથી. આ દસ્તાવેજો સ્કેન કરી શકાતા નથી. ચૂંટણી પંચ એવી નકલો કેમ પ્રદાન કરે છે, જે સ્કેન કરી શકાતી નથી? મોટો આરોપ લગાવતા તેમણે કહ્યું કે, એક લોકસભા મતવિસ્તારમાં, અમે મતદાર યાદી તપાસી અને શોધી કાઢ્યું કે, ૬.૫ લાખ મતદારોમાંથી ૧.૫ લાખ મતદારો નકલી હતા.

રાહુલ ગાંધીએ લોકસભા ચૂંટણીમાં ધાંધલી થયાનો આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યું કે, અમે તે સાબિત કરીશું, અમારી પાસે હવે ડેટા છે. લોકસભા ચૂંટણીમાં ધાંધલી થઈ શકે છે અને ધાંધલી થઈ હતી. ભારતમાં ચૂંટણી પંચ મરી ગયું છે. અમારી પાસે તે સાબિત કરવા માટે દસ્તાવેજો છે. જો તેમને ૧૫-૨૦ બેઠકો ઓછી મળી હોત, તો તેઓ (PM મોદી) વડા પ્રધાન ન બન્યા હોત.

એક દિવસ પહેલા, સંસદ ભવનમાં મીડિયા સાથે વાત કરતી વખતે, કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ ચૂંટણી પંચ પર મત ચોરીનો આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે, હું સંપૂર્ણ ગંભીરતાથી કહી રહ્યો છું કે, ચૂંટણી પંચ મત ચોરી રહ્યું છે અને તે ભાજપ માટે આ કરી રહ્યું છે. તેમણે કહ્યું હતું કે, જે કોઈ ચૂંટણી પંચમાં બેસીને આ કામ કરી રહ્યું છે, તે દેશ વિરુદ્ધ કામ કરી રહ્યું છે. ઉપરથી નીચે સુધી, અમે કોઈને પણ નહીં છોડીએ. આ દેશદ્રોહ છે. તેમણે ચૂંટણી પંચના અધિકારીઓને ચેતવણી આપી હતી કે, તમે ગમે ત્યાં હોવ, નિવૃત્ત હોવ કે ગમે તે હો, અમે તમને શોધીશું.

# હિમાચલમાં ૩ જગ્યાએ આભ ફાટ્યું, ધાર્મિક યાત્રા અટકી

(સંપૂર્ણ સમાચાર સેવા)શીમલા

ચોમાસાને કારણે પહાડી રાજ્યો તેમજ મેદાની વિસ્તારોમાં સામાન્ય જનજીવન પ્રભાવિત થયું છે. જમ્મુ અને કાશ્મીરમાં ભારે વરસાદને કારણે અમરનાથ યાત્રા ૩ ઓગસ્ટ સુધી મુલતવી રાખવામાં આવી છે. હિમાચલમાં ત્રણ જગ્યાએ ફરીવાર આભ ફાટ્યાની સ્થિતિ સર્જાતા હાલત બેહાલ થઈ ગઈ હતી.

બીજી તરફ ભારે વરસાદને કારણે ભૂસ્ખલન થતાં કેદારનાથ યાત્રા ત્રીજા દિવસે પણ સ્થગિત રહી. હિમાચલમાં ત્રણ સ્થળોએ વાદળ ફાટવાની ઘટનાઓ બની છે. બીજી તરફ, રાજસ્થાનમાં ભારે વરસાદને કારણે ૧૬ જિલ્લાઓની શાળાઓ બંધ કરવામાં આવી છે.

શુક્રવારે હિમાચલની લાહૌલ ખીણમાં ત્રણ સ્થળોએ વાદળ ફાટ્યા હતા. સવારે ટીંડી નજીક પુહરે નાલામાં પૂરને કારણે એક વાહન કાટમાળમાં ફસાઈ ગયું હતું. પૂરને કારણે ઉદયપુર-કિલાડ રોડ પણ બંધ થઈ ગયો હતો, જેને સાંજે બોર્ડર રોડ્સ ઓર્ગેનાઈઝેશન (BRO) દ્વારા પુનઃસ્થાપિત કરવામાં આવ્યો હતો. બીજી ઘટના લાહૌલની યાંગલા ખીણમાં બની હતી. જ્યાં લોકોએ પૂરથી ભાગીને પોતાનો જીવ બચાવ્યો હતો. વાદળ ફાટવાની ત્રીજી ઘટના લાહૌલના જીસ્પાહમાં બની હતી.




